

## Cadaver Organ Donor Dhansukhbhai Mitthalbhai Patel

# First time in Surat, bone of brain dead man donated

HimanshuBhatt
@timesgroup.com

Surat: The city recorded its first bone donation thanks to a brain-dead patient here on Friday.



Fifty-eight-year-old farmer **Dhansukh Patel** was hit by a motorcycle near a canal here when he was returning from a gymnasium on May 3. He suffered serious head injury and was rushed to Bardoli Smarak Hospital and then to Ashutosh Hospital. He had a blood clot in his brain which was removed by neurosurgeon Dr Asit Desai.

However, he died on May 5 and was declared brain-dead. Dhansukh Patel's wife Nayna, three married daughters Hemangini, Hetal and Nikita awaited for their brother Kevin, who is an IT student in New Zealand, to arrive.

Kevin said I told my family that, "My father's organs should be donated as they can give a new lease of life to many. Bone donation is a new thing which can give quality life to patients who are suffering from cancer and fractures."

Dr Rajiv Raj Chandhary, who runs a bone bank and accepted the donation, said, "This is first such case wherein we received bone donation from a brain-dead patient. Bones are taken en mass from the body and undergo major process before they are ready for use. However, unlike other organs bones have a shelf life of four years."

After ribs, thighs and leg bones were taken from the body, the process to remove muscles took place. Femur, ankle and cheek bones were taken later.

"Once the muscles are removed from the bones, disease checking takes place. The bones are stored in -70 degree centigrade temperature and will be transported to Tata Memorial Hospital in Mumbai. The further cleaning up process on the bones there will ensure that minute blood cells and other tissue cells are also cleaned up," Dr Chandhary said.

The bones will be later sent to Bhabha Atomic Research Centre. Here they will be sterilized by passing Gamma rays through them. The whole process is called lyophyllise.

The kidneys harvested from Patel were received by Gandhinagar-based Nayana Chauhan, 46. His liver was transplanted into Gandhidham based Ganesh Bhanushali, 35. His eyes were received by an eye bank.

# State's first bone donation takes place in Surat

***Along with liver, kidney and eyes, bones of 58 years old Dhansukh Patel were received in donation by Surat based Donate Life***

**Surat :** Gujarat's first bone donation took place in Surat, where ribs, thigh bones and bones of legs – from lower side of knee to foot, of 58 years old patient were accepted by city based hospital. Family members of the brain dead patient also donated eyes, kidneys and liver of farmer in Mahuva taluka of Surat district.

Dhansukh Patel 58, a resident of Dungri village in Mahuva taluka sustained serious head injuries after an unidentified motorcycle hit him outskirts of Dungri village on May 3. Doctors conducted an operation to remove clotting in Patel's brain, but his condition deteriorated. He was declared brain dead by doctors on May 5. Hospital staff informed city based Donate Life, NGO working for organ donation, to get organs Patel in donation.



"Family members agreed for organ donation and when we explained them importance of bone donation, they readily agreed. Kidneys and Liver were accepted by Ahmedabad based Institute of Kidney Diseases and Research Center (IKRDC), while eyes were donated to Surat based Lokdrashti Eye Bank. Bones were donated to Surat based Ashutosh Hospital," said Nilesh Mandlewala, president of Donate Life.

This was first bone donation of Gujarat. Bones will be transplanted to patients having fracture or patients suffering from severe bone related diseases. Bone transplantation can also be done on patient, who is detected with cancer on his jaws, added Mandlewala.

Rajiv Raj Chaudhary, surgeon at Ashutosh Hospital said: "There are cases, where bone gets damaged and it can't be replaced by steel rods or steel plates. Only human bone can help patients. Donation received by Dhansukh Patel can help 15-18 patients. Till now, no donation of such kind has been recorded in Gujarat."

सूरत में पहला हड्डीदान का किस्सा

# ब्रेन डेड के किडनी, लीवर के साथ हड्डीयों का भी किया दान

राज्य का पहला हड्डी बैंक सूरत में

सूरत, 06 मई



कैंसर के मरीजों को मिलेगा हड्डीयों का फायदा

## इस प्रकार का है प्रोसेस

# सूरत में पहली बार हड्डी दान

ब्रेन डेड व्यक्ति की किडनी-लीवर से दो को मिली नई जिंदगी



## प्रोसेसिंग के लिए भेजेंगे मुम्बई

ભાસ્કર વિશેષ | મહુવાના બ્રેનડેડ ધનસુખ પટેલના પરિવારે કિડની, લીવર, ચક્ષુઓ સાથે હાડકાનું પણ દાન કરી માનવતા પ્રસરાવી

# સુરતમાં હાડકાંના દાનનો રાજ્યનો સર્વપ્રથમ કિસ્સો

## દાનમાં મળેલા હાડકાંથી 18 લોકોને લાભ મળશે

## ભાસ્કર અગ્રેસર

## મુંબઈ-દિલ્હી બાદ સુરતમાં બોન બેંક

## સ્ટીલ પ્લેટ-સળિયા મુકવામાંથી મુક્તિ

# गुजरात की प्रथम घटना : ब्रेन डेड व्यक्ति की अंगों सहित हड्डी का दान





सूरत। गुजरात का पहला घटना दर्ज हुआ है कि जिसमें बोर्न बैंक को अर्थात कि एक मृत व्यक्ति के हड्डी का डोनेशन किया गया है। सूरत की डोनेट लाइफ संस्था सारा अभी तक किडनी, लीवर, आंख और ह्रदय के सात इस बार पहले बार हड्डी का दान किया गया। दान सूरत की आशुतोष मल्टी स्पेश्यालिस्ट होस्पिटल में चल रही बोर्न बैंक को दिया गया था। कुछ दिन पहले सूरत जिले के महुवा तहसील के डुंगरी गांव में रहनेवाले धनसुखभाई पटेल का बाइक दुर्घटना हो गया था। उन्हें बारडोली की एक निजी अस्पताल में ले जाया गया, जहां उन्हें ब्रेन हेमरेज होने का खुलासा हुआ। इससे अधिक उपचार हेतु उन्हें सूरत की आशुतोष अस्पताल में भर्ती किया गया। गत रोज सुबह के समय डॉक्टर सारा धनसुखभाई को ब्रेन डेड घोषित किया गा। जिससे डोनेट लाइफ संस्था सारा उनके पैर के दो मजबूत हड्डी तथा दोनों तरफ की चार-चार पसलियों का डोनेशन लिया गया। यह दान सूरत की आशुतोष अस्पताल में चल रही बोर्न बैंक को दिया गया।धनसुखभाई के शाला कल्पेशभाई पटेल कहते हैं कि हमारे स्वजन भले हमें छोड़कर चले गये हो किंतु उनके जाने के बाद यदि उनके अंग अन्य को नवजीवन दे सकते हैं तो यह हमारे लिए सौभाग्य की बात है।

जिससे हम यह डोनेशन देने के लिए तैयार हुए। धनसुखभाई के परिवार में उनकी पत्नी है। उनकी दो बेटियां हैं और एक बेटा है। डोनेट लाइफ के प्रमुख निलेशभाई मांडलेवाला कहते हैं कि सूरत का ही नहीं अपितु गुजरात का यह पहला घटना है, जहां बोर्न का दान लिया जा रहा है। अभी तक किडनी, लीवर, आंख और दिल का दान हम लेते थे, किंतु अब बोर्न भी इतने ही महत्वपूर्ण हो गये हैं, जिससे हमें उनका दान लेना पड़ता है। दुर्घटना में किसी की हड्डी टूटनेवाले तथा हड्डी के कैंसर से पीड़ित लोगों के लिए काफी उपयोगी हो सकता है। ट्रान्सप्लान्ट द्वारा उन्हें ऐसे दान में मिले हड्डी से हमें नया जीवन दिया जा सकता है। आशुतोष अस्पताल के डॉ. राजीवराय चौधरी कहते हैं कि आशुतोष अस्पताल में पिछले ६ वर्ष से बोर्न बैंक चलता है, किंतु सामने चलकर बोर्न डोनेशन किया गया हो ऐसा यह पहली घटना है। पहले हम किसी पेशन्ट में कोई हड्डी बेकार हो गया हो तो निकाल लेते थे। इस बार सामने से पेशन्ट सारा दान किया गया है। इस हड्डी को रोगी के शरीर से निकालने के बाद कुछ निश्चित प्रक्रिया करके उसे संभाल कर रखा जाता है। यह चार वर्ष तक उपयोग में लिया जा सकता है। बोर्न बैंक में सबसे पहले हड्डी पर केमिकल प्रोसेस सूरत में ही किया जाता है उसके बाद अधिक एडवान्स प्रोसेस के लिए उसे मुंबई के टाटा मेमोरियल अस्पताल में भेजा जाता है। हड्डी जिस किसी को चाहिए आशुतोष अस्पताल से निःशुल्क मिलता है। इन हड्डियों का उपयोग सबसे अधिक कैंसर पीड़ितों के लिए होता है।

# બ્રેઈનડેડ પ્રૌઢના કિડની, લીવર, ચક્ષુ સાથે હાડકાઓનું પણ દાન

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શુક્રવાર

અકસ્માતમાં ઈજા બાદ બ્રેઈનડેડ જાહેર થયેલા સુરત જિલ્લાના મહુવાના પ્રૌઢના કિડની, લીવર, ચક્ષુ સાથે હાડકાનું પણ દાન કરીને નવી પહેલ થઈ છે. હાડકાનું દાન કરવાનો ગુજરાતનો આ પ્રથમ કિસ્સો છે.

મહુવાના ડુંગરી ગામમાં રહેતા ૫૮ વર્ષીય મનસુખભાઈ મીઠાભાઈ પટેલને તા. ૩જીએ સવારે જમવા જતી વેળા ડુંગરી ગામ પાસે અકસ્માત નડ્યો હતો. બારડોલી બાદ સુરતની ખાનગી હોસ્પિટલમાં તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. જે અંગે જાણ થતાં ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ મનસુખભાઈના પરિવારજનોને અંગદાન તેમજ હાડકાના દાનનું મહત્વ સમજાવ્યું હતું.

જેને પગલે પરિવારે મૃતક સ્વજનની બે કિડની, લીવર, ચક્ષુઓ અને હાડકાનું દાન કર્યું હતું. બંને કિડની ગાંધીનગર રહેતા જમનાબેન ચૌહાણ (ઉ.વ. ૪૮) તથા લીવર ગાંધીધામના



મનોજ મુળચંદ ભાનુશાળી (ઉ.વ. ૩૩)માં ટ્રાન્સપ્લાન્ટ કરાયું છે.

ભારતમાં સૌપ્રથમ હાડકાની બેંક ૧૯૮૮માં મુંબઈની ટાટા મેમોરીયલ હોસ્પિટલ બાદ દિલ્હી અને ચેન્નાઈમાં શરૂ થઈ હતી. આજે ગુજરાતમાં પ્રથમવાર હાડકાનું દાન મળ્યું છે. પાંસળી, જાંઘનું હાડકું અને ઘૂંટણની નીચેના હાડકા દાનમાં લેવાયા છે.

હાડકાને સાફ કરી માઈનસ ૭૦ ડિગ્રી તાપમાનમાં સ્ટોર કરી મુંબઈની ટાટા મેમોરીયલમાં પ્રોસેસ માટે મોકલાશે. ત્યાં ગામા રેયસથી તેને પ્રોસેસ કરી સ્ટરાઈલ કરાશે. પ્રોસેસ કરેલા હાડકાઓને ફરી સુરતની ખાનગી હોસ્પિટલમાં લવાશે. હાડકાઓનો ઉપયોગ મહત્વપૂર્ણ છે. મોટા કેન્સરના કેસમાં આ હાડકા ખૂબ જ ઉપયોગી નીવડે છે. કેન્સરના દર્દીઓ અને હાડકાના અન્ય બીજા દર્દીઓ માટે ભારતમાં કોઈપણ હોસ્પિટલને જરૂર હોય ત્યાં મોકલાશે. આ હાડકાઓને વધુમાં વધુ ૪ વર્ષ સુધી વાપરી શકાય છે.

# સુરતમાં સેવાયજ્ઞ :હાડકાંની બેન્કનો પ્રારંભ

પ્રતિનિધિ દ્વારા, સુરત

[illegible]



[illegible]

## મહુવાના બ્રેઈનડેડ ધનસુખ પટેલના કિડની, લીવર, આંખો અને હાડકાનું અંગદાન કરાયું



### ડુંગરી ગામના ધનસુખભાઈને ગંભીર અકસ્માત નડ્યો હતો: ડોનેટ લાઈફના સંચાલકોની સમજાવટથી પરિવારજનોએ અંગદાન કર્યું

ગુજરાતમાં હાડકાં દાનનો સૌપ્રથમ કિસ્સો સુરતમાં

## મહુવાના બ્રેઈનડેડ ખેડૂતની આંખ, કિડની, લિવરની સાથે હાડકાંનું પણ દાન કરાયું

- દાનમાં મળેલા હાડકાંનો ૪ વર્ષ સુધી ઉપયોગ થઈ શકશે



**બ્લડ ગ્રુપ મેચ કર્યા વિના હાડકાં ટ્રાન્સપ્લાન્ટ શકય**

**માયનસ ૭૦ ડિગ્રી પર સ્ટોર કરી મુંબઈમાં પ્રોસેસ કરાય છે**

" જવાનીમેં રક્તદાન દિમાગકે મૃત્યુબાદ(બ્રેઈનડેડ) કિડની, લિવર ઔર હૃદયદાન . . . "

# બ્રેઇન ડેડ વ્યક્તિના હાડકાંનું દાન: ગુજરાતનો પહેલો કિસ્સો

**પગનાં બે હાડકાં અને ચાર પાંસળીઓનું દાન:**






गुजरात में हड्डियों के दान का सर्व प्रथम किस्सा सामने आया है।

" जवानीमें रक्तदान दिमागके मृत्युबाद(ब्रेईनडेड) किडनी, लिवर और हृदयदान . . . "

### પહેલી વખત થયું ગુજરાતમાં અસ્થિનું દાન

# બ્રેઈનડેડ ધનસુખભાઈ પટેલનાં હાડકાંથી મળશે કેન્સરની ૧૫ વ્યક્તિઓને નવજીવન



સુરત, તા. ૬ : અત્યાર સુધી બ્રેઈનડેડ વ્યક્તિનાં હાર્ટ, કિડની, લીવર, આંખ સહિતનાં અંગોનાં દાનથી જરૂરિયાત મંદ દર્દીઓને નવજીવન મળતું હતું. પરંતુ રાજ્યમાં હાડકાંનાં દાનની પ્રક્રિયા પણ શરૂ થઈ છે. સુરત જિલ્લાનાં પલસાણાં બ્રેઈનડેડ ધનસુખભાઈ પટેલ(ઉં.૫૮)નાં પરિવારજનોએ તેમનાં હાડકાંનાં દાનની પહેલ કરતાં કેન્સરનાં ૧૫ વ્યક્તિઓને નવજીવન મળશે, તેમ તબીબોએ જણાવ્યું હતું.

ગત ૩૦મીએ સુરત જિલ્લાનાં પલસાણા તાલુકાનાં ઠુંગરી ગામે રહેતાં ધનસુખભાઈ પટેલ સવારે સાડા સાત કલાકે જીમમાં કસરત કરીને ઘરે પરત ફરતાં હતાં. ત્યારે ગામની નહેર નજીક અજાણ્યા બાઈક ચાલકે તેઓને ટક્કર મારતાં તેઓ બાઈક પરથી નીચે પડી ગયા હતાં. તેઓને માથાનાં ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજા સાથે તેમને બારડોલીની સ્મારક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જ્યાં તેમનું સીટી સ્કેન કરવામાં આવતાં બ્રેઈન હેમરેજ થયું હોવાનું નિદાન થયું હતું. તેમને વધુ સારવાર અર્થે સુરત શહેરની આશુતોષ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈએ ક્રેનીયોટોમી કરી તેમનાં મગજમાં જમા થયેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો. જોકે, ત્યારબાદ ગત ૫મીએ ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈ અને ન્યુરોફિઝિશિયન ડૉ. અનિરૂધ્ધ આપ્ટેએ ધનસુખભાઈને બ્રેઈન ડેડ જાહેર કર્યાં હતાં. હોસ્પિટલે ડોનેટ લાઈફ સંસ્થાનાં પ્રમુખ નિલેશભાઈ માંડલેવાળાનો સંપર્ક કરતાં તેઓને ધનસુખભાઈનાં પરિવારજનોને અંગદાન વિશે માહિતી આપી હતી.

ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા બ્રેઈનડેડ દર્દીનાં અંગોનાં દાન વિશે સમજણ આપવામાં આવતાં ધનસુખભાઈનાં પત્ની નયનાબેન, પુત્ર કેવીન, પુત્રીઓ હેમાંગીની, હેતલ અને નીકિતા તથા પરિવારજનોએ અંગદાન માટે મંજૂરી આપી હતી. ડોનેટ લાઈફ દ્વારા હાડકાંનાં દાન વિશે સમજાવતાં તેઓ હાડકાંનું દાન કરવા માટે રાજી થયા હતાં. આ રીતે રાજ્યમાં પહેલી વખત હાડકાંનું દાન કરવામાં આવ્યું હતું.

છેલ્લાં આઠ વર્ષથી સુરતમાં હાડકાંની બેન્ક અસ્તિત્વ ધરાવે છે. પરંતુ, અત્યાર સુધી બેન્કમાં હોસ્પિટલોમાંથી ઓપરેશન દરમિયાન જે હાડકાં નીકળતાં તે જમા કરાવવામાં આવતાં હતાં. પરંતુ, પહેલી વખત બ્રેઈન ડેડ વ્યક્તિનાં હાડકાં પણ બેન્ક પાસે આવ્યા છે. નોંધનીય કે, હાડકાંને પ્રોસેસ માટે મુંબઈ સ્થિત ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં મોકલવામાં આવે છે. જ્યાં તેને માઈનસ ૪૦ ડિગ્રી તાપમાનમાં પ્રોસેસ કરવામાં આવે છે. કેમિકલ પ્રોસેસ બાદ તેનું ટ્રાન્સપ્લાન્ટ જરૂરિયાત મંદ દર્દીઓમાં કરવામાં આવે છે. બેન્કમાં જમા કરાવેલાં હાડકાંની લાઈફ ચાર વર્ષની હોય છે.

ડોનેટ લાઈફનાં નિલેશભાઈ જણાવે છે કે બ્રેઈનડેડ ધનસુખભાઈ પટેલનાં શરીરમાંથી જે હાડકાં દાન રૂપે લેવામાં આવ્યા છે તે ઓછામાં ઓછા ૧૫ કેન્સરનાં પીડિત વ્યક્તિઓને કામે આવશે.

બ્રેઈનડેડ ધનસુખભાઈનાં પરિવારજનોએ કરેલી બન્ને કિડનીનું દાન અમદાવાદની ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટરની ટીમે સુરત આવીને સ્વીકાર્યું હતું. બન્ને કિડની ગાંધીનગરનાં રહેવાસી જમનાબેન ચૌહાણ(ઉં.૪૮)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર ગાંધીધામનાં રહેવાસી મનોજ ભાનુશાળી(ઉં.૩૩)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. બ્રેઈનડેડ ધનસુખભાઈનાં હાડકાંનું દાન શહેરની આશુતોષ હોસ્પિટલમાં ડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમે સ્વીકાર્યું હતું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેન્કનાં ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

# ગુજરાતનો પ્રથમ કિસ્સો: બ્રેઈન ડેડ વ્યક્તિના અંગોની સાથે થયું હાડકાંનું દાન

**ડોનેટ લાઇફ સંસ્થાએ બ્રેઇન હેમરેજ દર્દીના હાડકાંનું પણ દાન કરી નવો ચીલો શરૂ કર્યો**

સુરત,તા.૬

ગુજરાતનો પહેલો કિસ્સો નોંધાયો છે, જેમાં બોર્ન બેંકને બોર્ન એટલે કે એક મૃત વ્યક્તિના હાડકાં ડોનેટ કરવામાં આવ્યા છે. સુરતની ડોનેટ લાઈફ સંસ્થા થકી અત્યાર સુધી કિડની, લિવર, આંખ અને હૃદયની સાથે આ વખતે પહેલી વખત હાડકાંનું દાન કર્યું હતું. દાન સુરતની આશુતોષ મલ્ટિસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં ચાલતી બોર્ન બેંકને આપવામાં આવ્યું હતું.

થોડા દિવસ અગાઉ સુરત જિલ્લાના મહુવા તાલુકાના ડુંગરી ગામે રહેતા ધનસુખભાઈ પટેલને એક બાઈક અકસ્માત નડ્યો હતો. તેમને બારડોલીની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને બ્રેઈન હેમરેજ થયું હોવાનું સામે આવ્યું હતું. આથી વધુ સારવાર અર્થે તેમને સુરતની આશુતોષ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગઈકાલે સવારના સમયે ડોક્ટર દ્વારા ધનસુખભાઈને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા. આથી ડોનેટ લાઈફ સંસ્થાનો સંપર્ક સાધવામાં આવ્યો હતો, તેમ જ ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા ધનસુખભાઈના પરિવારને સમજાવવામાં આવ્યા હતા.

ધનસુખભાઈના પરિવારે કિડની, લિવર અને આંખોનું તો દાન આપવાનું નક્કી કર્યું છે, પરંતુ તેમણે હાડકાં ડોનેટ કરવા માટેની પણ તૈયારી દર્શાવી હતી. તૈયારી દર્શાવતા ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા તેમનાં પગના બે મજબૂત હાડકાં તેમ જ બન્ને બાજુની ચાર-ચાર પાંસળીઓનું ડોનેશન લેવામાં આવ્યું હતું.

ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત....

# બ્રેઈન ડેડ વ્યક્તિના અંગો ઉપરાંત હાડકાંનું પણ કરાયું દાન



મહુવાના ડુંગરી ગામે રહેતા ધનસુખભાઈ પટેલને અકસ્માત બાદ બ્રેઈન ડેડ થયુ હતું